રાજ્યમાં જામ્યો વરસાદી માહોલ : ૨૪ કલાકમાં ૨૪૫ તાલુકામાં મેઘમહેર

કચ્છમાં સિઝનનો સૌથી વધુ ૧૧૨ ટકા વરસાદ

ગયા વર્ષે જુલાઈમાં અહીં ૯૮ ટકા વરસાદ પડ્યો હતો : અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રવિવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો, : અરવલ્લીમાં સતત પાંચમાં દિવસે વરસાદી માહોલ યથાવત : વરસાદના કારણે રસ્તા પર પણ પાણી ભરાવાની ઘટના બની છે, રસ્તાઓ પર પાણી આવી જવાથી ટ્રાફિકની ગતિમાં ઘટાડો : બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, ખેડા, દાહોદમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના

અમદાવાદ, તા.૧૦

રવિવારના રોજ ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે કચ્છમાં આ સિઝનનો ૧૯.૦૫ ઈંચ વરસાદ પડ્યો છે. જે આ સિઝનનો ૧૦૪ ટકા છે, એવા રિપોર્ટ્સ પાર્થ શાસ્ત્રીના છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ડેટા મુજબ, માત્ર જૂન મહિનામાં જ કચ્છમાં ૧૪.૦૧ ઈંચ અથવા સિઝનનો કુલ ૭૭ ટકા વરસાદ નોંધાયો હતો અને રેકોર્ડ સમયમાં ૧૦૦ ટકા સુધી પહોંચી ગયો હતો. પાછલા દાયકામાં ફક્ત દેવભૂમિ દ્વારકામાં ૧૫૧ ટકા, પોરબંદરમાં ૧૦૦ ટકા જુલાઈ ૨૦૨૦ના પહેલા ભાગમાં સમગ્ર સિઝનનો વરસાદ પડ્યો હતો. કચ્છ માટે સૌથી પહેલો શ્રેષ્ઠ વરસાદ ગયા વર્ષે ૧૫ જુલાઈ સુધી ૯૮ ટકા હતો. સમગ્ર ગુજરાતમાં રવિવારે વરસાદે ૪૦ ટકાનો આંકડો પાર કર્યો હતો. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રવિવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો. જે બાદ અહીં જોરદાર વરસાદ પડ્યો હતો. સવારની શરુઆત અને બપોરની આસપાસ હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. રાણીપમાં ૧.૦૪ ઈંચ, બોડકદેવમાં ૦.૯૨ ઈંચ, ચાંદલોડિયામાં ૦.૮૮ ઈંચ, સાયન્સ સિટીમાં ૦.૮૪ ઈંચ અને બોપલમાં ૦.૬૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. અમદાવાદમાં મોસમનો અત્યાર સુધીનો ૪૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ભારે વરસાદ બાદ વાસણાના ડેમને બે ગેટ પણ ખોલવામાં આવ્યા હતા. અહીં પાણીનું સ્તર ૧૩૨ ફૂટ સુધી પહોંચી ગયુ હતુ, એવું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું. બપોરના ૪ વાગ્યા સુધી કંટ્રોલ રુમમાં ૧૪ ફરિયાદો પાણી ભરાઈ જવાની મળી હતી. જ્યારે ક્ષતિગ્રસ્ત બાંધકામ અને રોડ રસ્તાની પણ ફરિયાદો મળી હતી. મોડી સાંજ સુધી શહેરમાં છૂટોછવાયો વરસાદ જોવા મળ્યો હતો. આકાશમાં પણ વાદળો છવાયેલા જોવા મળ્યા હતા, જેના કારણે સંપૂર્ણ ચોમાસું બેઠું હોય એવો અનુભવ થઈ રહ્યો હતો. આર્કિટેક્ચરના એક વિદ્યાર્થી રુતુ પરમારે જણાવ્યું કે, સાંજના સમયે વરસાદ તૂટી પડ્યો હતો અને એના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. જો કે, અમે ચોમાસાનો આનંદ માણ્યો હતો. ગરમા ગરમ ભજીયા અને મસાલા ચાની લિજ્જત માણી હતી. તો IMDના અધિકારીઓએ જણાવ્યું કે, આ સિઝનમાં શહેરમાં સારો અને ટાકાઉ વરસાદ થયો છે. ભારતીય હવામાન વિભાગની આગાહીમાં અમદાવાદ જિલ્લામાં સોમવારે અલગ અલગ ભારે વરસાદ પડી શકે છે. IMDના અધિકારીઓએ જણાવ્યું કે, મંગળવારથી વરસાદની તીવ્રતામાં ઘટાડો થવાની સંભાવના છે. અરવલ્લી પર મેઘરાજા મહેરબાન છે, સતત પાંચ દિવસથી અહીં વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગ દ્વારા કરાયેલા આગાહી પ્રમાણે સતત વરસાદ થઈ રહ્યો છે. આ પંથકમાં વહેલી સવારે પણ વરસાદ થયો હતો. ભારે વરસાદના કારણે કેટલાક ખેતરોમાં પાણી ભરાવાની ઘટનાઓ પણ સામે આવી છે. મહત્વનું છે કે, હવામાન વિભાગ દ્વારા આજે પણ ઉત્તર ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ થવાની શકયતાઓ વ્યક્ત કરી છે. મોડાસામાં થયેલા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે, જેમાં મુખ્ય ચાર રસ્તા, હંગામી બસ સ્ટેન્ડ પર જળબંબાકારની સ્થિતિ સર્જઈ છે. અરવલ્લીના મોડાસા પંથકમાં સવારથી વરસાદી માહોલ છે, શામળાજીના વેણપુર, રંગપુર સહિતના પંથકોમાં ભારે વરસાદ થયો છે. આ વિસ્તારોમાં ભારે વરસાદ થવાથી કેટલાક ખેતરોમાં પાણી ભરાઈ જવાની ઘટનાઓ સામે આવી છે. વરસાદના કારણે રસ્તા પર પણ પાણી ભરાવાની ઘટના બની છે. રસ્તાઓ પર પાણી આવી જવાથી ટ્રાફિકની ગતિમાં ઘટાડો થયો હતો. સતત થઈ રહેલા વરસાદના લીધે તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો છે. મોડાસાના ગ્રામ્ય પંથકમાં પણ વહેલી સવારથી વરસાદી માહોલ છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ ઉત્તર ગુજરાતમાં મેઘ મહેર થવાની સંભાવના વ્યક્ત કરી છે. એક સાથે ત્રણ વરસાદી સિસ્ટમ એક્ટિવ થવાના કારણે રાજ્યભરમાં વરસાદ નોંધાયો છે. જોકે, હવે ધીમે-ધીમે મેઘરાજાના જોરમાં ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ બરાબર જામ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં મેહુલિયો જાણી મનમૂકીને વરસી રહ્યો છે. આ સાથે હવામાન વિભાગ તરફથી આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે રાજ્યના તમામ જિલ્લામાં વરસાદની આગાહી છે. પરંતુ આણંદ અને ભરૂચમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, ખેડા, દાહોદમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગરના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ પાટણના સાંતલપુરમાં સાડા છ ઈંચ વરસાદ ખાબક્યો છે.

રાજકોટના કોટડા સાંગાણીમાં છ ઈંચ અને ગાંધીનગરના માણસમાં છ ઈંચ વરસાદ પડ્યો છે. ૧૩ તાલુકામાં દોઢ ઈંચથી વધુ અને ૩૦ તાલુકામાં એક ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે.

અમદાવાદના મીઠાખળીમાં મકાન ધરાશાયી થતા એકનું મોત

૨ વર્ષની બાળકી સહિત આખો પરિવાર દટાયો : ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં ચોમાસાની શરૂઆતથી જ ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. જેને લઈને અનેક જગ્યા મકાન ધારાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી હતી. આજે અમદાવાદના મીઠાખળી ગામમાં ત્રણ માળનું મકાન ધરાશાયી થયું હોવાની ઘટના સામે આવી રહી છે. આજે અમદાવાદના મીઠાખળી ગામમાં ત્રણ માળનું મકાન ધરાશાયી થયું હોવાની ઘટના સામે આવી રહી છે. આ મકાન ધરાશાયી થતા તાત્કાલીક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જે બાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે, પરિવારના તમામ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

પૂર્વ ધારાસભ્ય ગોવા રબારીને ડીસા એપીએમસીના ચેરમેન બનાવાયા

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન કોંગ્રેસના અનેક નેતાઓ પક્ષ છોડીને ભાજપમાં જોડાઈ ગયાં છે. કેટલાક નેતાઓને મલાઈદાર પદ મળ્યાં છે. તો કેટલાક હજી પદની લાલસાની આશા સેવી રહ્યાં છે. ત્યારે તાજેતરમાં ઉત્તર ગુજરાતના કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ કોંગ્રેસ સાથેનો ૩૫ વર્ષ જુનો નાતો તોડીને ભાજપનો કેસરીયો ખેસ પહેર્યો હતો. હવે તેમને ડીસા એપીએમસીના ચેરમેન બનાવવામાં આવ્યાં છે. તે ઉપરાંત વાઈસ ચેરમેન તરીકે અરજણભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. આગામી લોકસભાની ચૂંટણીને લઈને ભાજપે ઉત્તર ગુજરાતમાં મોટો દાવ ખેલી નાંખ્યો છે. વિધાનસભા પહેલાં જયરાજસિંહ, નરેશ રાવલ સહિતના નેતાઓને ભાજપમાં લાવીને સફળતા મેળવી છે. ત્યારે હવે કોંગ્રેસ સાથે રહેલા ગોવાભાઈને કેસરીયો ધારણ કરાવીને ઓબીસી સમાજને કબજે કરવા ભાજપે મોટો દાવ ખેલી નાંખ્યો છે. ગોવાભાઈની એપીએમસીના ચેરમેન તરીકે ૧૬ ડિરેક્ટરોમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ભાજપને આગામી ચૂંટણીમાં ગોવાભાઈના લીધે ઓબીસી સમાજના મત અંકે કરવામાં હવે સરળતા રહેશે તેવું રાજકીય નિષ્ણાંતો માની રહ્યાં છે.

કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભાજપમાં જોડાતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે.ગોવાભાઈને ભાજપમાં લાવવા માટે ભારતીય જનતા પાર્ટીના બે દિગ્ગજ નેતાઓએ ખેલ પાડ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે.

અરવલ્લી જિલ્લામાં અનરાધાર વરસાદ, બજારમાં પાણી વહેતા થયા

મોડાસામાં ૪ ઈંચ વરસાદ વરસ્યો છે બાયડમાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે માલપુરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે

અરવલ્લી, તા.૧૦

હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે સવારથી જ અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. અરવલ્લી જિલ્લામાં અનરાધાર વરસાદ વરસ્યો છે. મોડાસા સહિત ધનસુરા, બાયડ, માલપુર, ભીલોડા અને મેઘરજમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બપોરના ૪ વાગ્યા સુધીમાં ધનસુરામાં સાડા ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. મોડાસામાં ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. બાયડમાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. માલપુરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે. મેઘરજમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ગ્રામ્ય વિસ્તારો પણ પાણીમાં ગરકાવ થયા હતા. મૂશળધાર વરસાદને લઈ મોડાસા ચાર રસ્તા હંગામી બસ સ્ટેશન સહિતના વિસ્તારમાં પાણી ભરાયા છે. મોડાસાના માર્કેટ યાર્ડમાં પણ વરસાદી પાણી ફરી વળ્યા છે. યાર્ડની દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. મોડાસાના મેઘરજ રોડ પર પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. જાણે નદીમાંથી વાહનો પસાર થતાં હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. મૂશળધાર વરસાદને લઈ મોડાસાની રામ પાર્ક, બદ્રીનાથ અને કેદારનાથ સોસાયટીમાં પાણી ભરાતા રહીશોને હાલાકી પડી હતી.

ધનસુરા શહેર અને તાલુકાના ગામો પણ જળબંબાકાર થયા છે. ધનસુરાના બસ સ્ટેશનમાં પાણી ભરાયા છે. મુખ્ય બજારમાં નદીની જેમ પાણી વહેતા થયા હતા.

ભાવ વધતા લોકોની જીવન જરૂરિયાત એવા શાકભાજીની પણ ચોરી

સુરતમાં ટામેટાં ચોર આરોપી ઝડપાયો

સુરત, તા.૧૦

દેશભરમાં ટામેટા ૧૫૦થી ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યાં છે. આ વચ્ચે ટામેટાં પર હવે ચોરોની નજર પડી છે. અનેક જગ્યાએ ટામેટાની ચોરી થવાની ઘટના સામે આવી રહી છે. સુરતમાં પણ એક ચોરે ટામેટાંની ચોરી કરી હતી. આ ઘટનાની પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ટામેટા ચોરીની આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી. હવે પોલીસે સીસીટીવીના આધારે ચોરની ધરપકડ કરી છે. બજારમાં શાકભાજીના ભાવ વધતા લોકોની જીવન જરૂરિયાત એવા શાકભાજીની પણ ચોરી થવા લાગી છે. ત્રણ દિવસ પહેલા મોટા વરાછા વિસ્તારમાંથી બટેકાની ચોરી થયા બાદ હવે ટામેટાની પણ ચોરીની ઘટના સામે આવી છે. બજારમાં ટામેટાના ભાવ ૨૦૦ને પાર થતાં હવે ટામેટાંની ચોરી પણ થવા માંડી છે. કાપોદ્રા વિસ્તારમાં આવેલા શાકભાજી બજારમાંથી ૧૫૦ કિલોથી વધુના ટામેટા ની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. માર્કેટમાંથી ટામેટાની ચોરી સીસીટીવીમાં કેદ થઈ છે. શહેરના પોલીસ ચોપડે શાકભાજી ચોરી થવાની ફરિયાદ નોંધાઇ રહી છે. સુરતમાં ત્રણ દિવસ પહેલા જ મોટા વરાછા વિસ્તારમાંથી ૧૭ કટ્ટા બટાકાની ચોરીની ફરિયાદ ઉતરાણ પોલીસ મથકમાં નોંધાઈ હતી. ત્યાં કાપોદ્રા વિસ્તારમાંથી વધુ એક શાકભાજી ની ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ૨૦૦ કિલોને પાર પહોંચેલા ટામેટાની ચોરીની ઘટના બની છે. સુરતમાં કાપોદ્રા વિસ્તારમાં આવેલા અક્ષર ડાયમંડ નજીક આવેલી શાકભાજી માર્કેટમાંથી ટામેટા, રિંગણ અને લસણની ચોરી થયાની અરજી કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં થઈ છે. વેપારી રાત્રે તમામ સામાન બાંધીને ગયા બાદ સવારે આવ્યો તો ટામેટાંની ૩ ગુણની ચોરી થઈ હોવાનું ધ્યાન પર આવ્યું હતું. કાપોદ્રાની શાક માર્કેટમાંથી ટમેટા સહિતના શાકભાજીની ચોરીની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. વેપારીને સવારે શાકભાજીની ચોરી થયા હોવાની જાણ થતા શાક માર્કેટમાં લગાવેલા સીસીટીવીની તપાસ કરી હતી. જેમાં જોવા મળ્યું હતું કે કોઈ યુવક ટામેટાં લઈ જતો નજરે પડ્યો હતો. માર્કેટમાંથી ચોરે વેપારીના ૧૫૦ કિલોથી વધુના ટામેટા ચોરી ગયો હતો. એટલું જ નહિ ટામેટા બાદ રીંગણ અને લસણ પણ ચોરી કરી ગયો હતો. કાપોદ્રા માર્કેટમાંથી ચોરી કરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ સીસીટીવીના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે ટામેટાંની ચોરી કરનાર આરોપીની ધરપકડ કરી લીધી છે. પરંતુ શાકભાજીના ભાવ વધારા બાદ ચોરીની ઘટનાઓ સતત બની રહી છે. તેવામાં શાકમાર્કેટમાં વેપાર કરતા વેપારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે.

દરિયાપુર દરવાજા પાસે ચાર રસ્તા વચ્ચે મોટો ખાડો પડી ગયો છે.

ટીમો કામે લાગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધ્યાનમાં રાખીને વાહક જન્ય રોગોના અટકાયત માટે વાવોલ, ચૈંદ્ધઝ, ધોળાકુવા વિસ્તારમાં સર્વે કામગીરી કરવામાં આવેલ. ગાંધીનગરના ચૈંદ્ધઝ વિસ્તારમાં સ્પેશિયલ ડ્રાઇવ હાથ ધરવામાં આવલ. જેમાં ૧૧૬ જેટલી ઔદ્યોગિક અને વ્યાપારિક એકમોની વેક્ટર કંટ્રોલ ટીમ દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. જેમાંથી ચૈંદ્ધઝ ખાતે ૧૩ એકમો અનુક્રમે સિકલ લીમીટેડ, એરો લેબ, ઓમની લેન્સ કંપની, ટી.આર.ઓ.એમ લીમીટેડ, ઝૅન્જી એશિયા લિમિટેડ, બેકર હ્યુગીસ ઓઈલ ફિલ્ડ, સૅ ઈલેક્ટ્રોનિક, ક્લીન-૨૪, પેરેડાઇઝ ટેક, એફ ટી એ સોલ્યુશન, તિરુપતિ ઈન્ડસ્ટ્રીઝ, નારાયણ કોમર્શિયલ કોમ્પ્લેક્સ તેમજ ચૈંદ્ધઝ ખાતે આવેલ લોન્ડ્રી માં મચ્છરોનિ ઉત્પત્તિ મળી આવતા તેને નોટિસ ફટકારવામાં આવેલ. આ ઉપરાંત વાવોલ ખાતે સહજાનંદ સ્કાઈલાઈન અને સિદ્ધાર્થ હોટેલ અને ઈમ્ન્રણજીત મેટ્રો સાઈટ ધોળાકુવા ને પણ નોટીસ આપવામાં આવેલ. ભવિષ્યમા સંક્રમનણ ન ફેલાય તે માટે અવશ્યક સુચનો આપ્યા હ્તા. આ ઉપરાંત જરૂરી જગ્યાઓ પર ઑઈલીગ કામગીરિ કરવામા આવી હતી.

માણસામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે તંત્રની સતર્કતા અને લોકોની જાગૃત્તિને પગલે તાલુકામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થયાના અહેવાલો નથી. બપોર સુધીમાં પાણીનો નિકાલ થઈ જતાં ગ્રામ્ય વિસ્તારના રહીશોએ પણ રાહત અનુભવી હતી.

મળતી વિગતો પ્રમાણે લિંબોદ્રા ગામે દંતાણી પરિવારના એક કાચા મકાનની દિવાલ ધસી પડી હતી. લાકરોડામાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. ધારાસભ્ય જે.એસ. પટેલે પણ આજે આખો દિવસ સતત વરસાદગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે દોડતા રહ્યા હતા. પાણીનો ઝડપી નિકાલ થતાં અને જાનહાનિ નહિ થયાના અહેવાલો પછી સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. સોમવાર સવારે છ વાગે પુરા થતા ૨૪ કલાકના સમયગાળા દરમ્યાન દહેગામમાં ૪ ઈંચ, ગાંધીનગરમાં દોઢ ઈંચ, કલોલમાં એક ઈંચ વરસાદ તો માણસામાં સાડા પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં આજે દિવસ દરમ્યાન પણ વરસાદ નોંધાયો હતો. જેમાં સવારના ૬ થી રાત્રિના ૮ દરમ્યાન માણસામાં વધુ બે ઈંચ, દહેગામમાં અર્ધો ઈંચ તેમજ કલોલ-ગાંધીનગરમાં હળવો વરસાદ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે બિલામણા ગામે વીજળીના પાંચ જેટલા પોલ ભારે વરસાદને પગલે ધરાશયી થયા હતા. ગાંધીનગર તાલુકામાં થયેલા વરસાદને પગલે ધણપ, છાલા સહિતના ગામોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. લાકરોડામાંથી પાણી સાબરમતી નદીમાં અલુવા અને સાદરા સુધી પહોંચતા ત્યાં પાણીને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. તંત્રએ આ બે સ્થાનો પર તાત્કાલિક પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો તેમજ ચેતવણીના બોર્ડ પણ લગાવી દીધા હતા. સોમવાર સવારના ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં ૨૮૩ મી.મી. વરસાદ નોંધાયો છે જે ચોમાસાની સિઝનના ૩૭ ટકા જેટલો થવા જાય છે. આજ સવાર સુધીમાં દહેગામમાં ૩૪૭ મી.મી., માણસામાં ૩૬૧ મી.મી., ગાંધીનગરમાં ૨૫૮ મી.મી. અને કલોલમાં ૧૬૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

શહેરમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુભવી રહ્યા છે. વરસાદી ભીંજારા અને ઉકળાટથી જનજીવન પ્રભાવિત છે. ગાંધીનગરમાં આ વર્ષે જુલાઇના મધ્ય પુર્વે જ સિઝનનો અંદાજિત ૫૦ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. ગાંધીનગર શહેરમાં સિઝનનો ૩૭૨ મી મી વરસાદ નોંધાયો છે. જેમાં ૬૬ મી મી વરસાદ તો ગઈકાલ રાતે જ વરસ્યો હતો. શહેરમાં વરસાદી મોસમ નિખરી છે. તો બીજીતરફ હજુ પણ દિવસ દરમિયાન ઉકળાટના લીધે નગરજનો પરેશાન છે. ગાંધીનગરમાં સિઝનનો સરેરાશ વરસાદ અંદાજિત ૬૫૦ મી મી જેટલો છે. જે મુજબ અત્યાર સુધી સિઝનનો નોંધપાત્ર વરસાદ થઈ ગયો છે. વરસાદી મોસમ નિખરતા સેકટરોમાં વરસાદી સમસ્યાઓનુ પણ સામ્રાજય જોવા મળે છે. સેકટરવાસીઓ કાદવ કિચ્ચડ અને ગંદકીથી તોબા પોકારી ગયા છે. વરસાદી મોસમમાં પણ આમ સ્થાનિકો દુવિધાઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે સેકટરોમાં ઠેર ઠેર માટી પોલાણના લીધે પણ રહીશો પરેશાન છે. પાણી ગટર લાઈનનુ ઠેર ઠેર ખોદકામ થયુ હોવાથી વરસાદી પાણી સાથે જ ગમે ત્યારે મોટા ગાબડા અસ્તિત્વમાં આવે છે. જયારે સેકટરોના ઉબડ ખાબડ આંતરિક માર્ગોની દશાના લીધે પણ સ્થાનિક રહીશોને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વરસાદી મોસમમાં સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ વધ્યા છે. જેના લીધે આગામી દિવસોમાં રોગચાળો માથુ ઉંચકે તેવી સ્થિતિ છે. સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે દવા છંટકાવ અને પોરાનાશક કામગીરી હાથ ધરવાની પણ અનિવાર્યતા છે.

આવશે નહીં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે પણ અનેકવાર પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યાઓ ઉઠવા પામે છે. થોડા સમય અગાઉ પણ પાણી પુરવઠા બોર્ડ દ્વારા તંત્રને પુરતો સપ્લાય ન અપાતા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આવતુ હોવાની બુમરાણ મચી હતી જયારે પાણીની સમસ્યા અંગે મુખ્યમંત્રી સુધી રજુઆત થઈ હતી. ગત મહીના દરમિયાન પણ સેકટરોમાં પાણીની ખેંચનો પ્રશ્ન ઉઠવા પામ્યો હતો. જયારે આજેં પણ શહેરના નવા સેકટરોમાં પુરતા ફોર્સથી અને પુરતા સમય સુધી પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. સરિતા ખાતે બે ટ્રાન્સફર્મર બળી જતા સેકટરોમાં સપ્લાય પ્રભાવિત થયો છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર સરિતા વોટર વર્કસ ખાતે ગઈકાલે મોડી સાંજે વરસતા વરસાદમાં અચાનક શોર્ટ સર્કીટ થતા ભડાકો થયો હતો. જેના લીધે જેમાં એક ૭૫૦ કે વી એ નુ ટ્રાન્સફર્મર ફેઈલ થઈ ગયુ હતુ. જયારે અન્ય ૧૦૦૦ કે વી એ ના ટ્રાન્સફર્મરનુ રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે આ રીપેરીંગમાં સમય લાગે તેમ છે. જયારે આ બન્ને ટ્રાન્સફર્મરનુ સમારકામ પુર્ણ થયા બાદ જ સેકટરોમાં પુરતા ફોર્સથી રેગ્યુલર સપ્લાય આપવામાં આવશે જયારે આ સ્થિતિ વચ્ચે મંગળવારે પણ નવા સેકટરોમાં અલબત્ત સે- ૧ થી ૧૩ માં પુરતા સપ્લાય સાથે પાણી આપી શકાશે નહીં. જયારે બુધવારથી નવા સેકટરોમાં રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે. શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણીની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જેના લીધે વારંવાર લાઈન ડિસ્ટર્બ થવાના લીધે પણ પાણીની સમસ્યા ઉદભવતી હોય છે.

મણિપુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રીજી મેએ પર્વતીય જિલ્લાઓમાં આદિવાસી એકજુટતા માર્ચનું આયોજન કરાયા બાદ હિંસક ઘટનાઓ શરૂ થઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં હિંસામાં ઓછામાં ઓછા ૧૫૦ લોકોના મોત થયા છે. મણિપુરમાં મેઈતી સમુદાયની ૫૩ ટકા વસ્તી છે અને તેઓ મુખ્યરૂપે ઈમ્ફાલ ખીણમાં રહે છે, જ્યારે નગા અને કુકી જેવા આદિવાસી સમુદાયોની વસ્તી ૪૦ ટકા છે અને તેઓ મુખ્યત્વે પર્વતીય જિલ્લાઓમાં રહે છે.

દિલ્હી અંગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હી સરકાર તરફથી અભિષેક મનુ સિંઘવી કોર્ટમાં હાજર રહ્યા હતા. તેઓ દિલ્હી સરકાર તરફથી દલીલો રજુ કરી રહ્યા છે. વટહુકમ મામલે લાંબી ચર્ચા બાદ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ જારી કરી બે સપ્તાહમાં જવાબ રજુ કરવા જણાવ્યું છે. દિલ્હી સરકારને ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવા માટેની અરજીમાં સુધારો કરવાની પણ મંજુરી અપાઈ છે.

પ્રસિદ્ધ કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાને હવે સ્વચ્છતા જાળવવાની કામગીરી અસરકારક બનાવવાના અવરોધો દૂર થયા છે. આ બાયલોઝમાં જાહેર આરોગ્ય, પ્લાસ્ટીકનો ઉપયોગ નિયંત્રિત કરવા, ઘન કચરા, કચરાનો સંચય સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર મનપા દ્વારા પણ આ અંગેનું સત્તાવાર જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે. હવે તંત્ર દ્વારા આગામી દિવસોમાં જાહેર સ્વચ્છતા અને જાહેર સ્વાસ્થ્યને લઈ આકમક પગલાં લેશે તેમ મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

આત્મનાદ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જેવો મળે છે એવો ઠાઠ નથી મળતો. પોતાનો ગુરુર સંતોષવા બીજાને અપમાનિત કરવાનો કોઈ અધિકાર અહીં નથી મળતો.

ગુલામી માનસિકતા જેટલી જ અધિકારીપણાની માનસિકતા ખતરનાક છે. અધિકારી એટલે દરેક બાબત ઉપર પોતાનો સર્વ અધિકાર સમજવાની માનસિકતા. આ માનસિકતા ખરેખર ભયાનક હોય છે. ભારત સહિત અનેક દેશો પર પોતાનો અધિકારી ડંડો ચલાવનારા અનેક બ્રિટિશ સિવિલ સર્વિસના મુલાજીમો અને એના પરિવારો જ્યારે પોતાના દેશ ઈંગ્લેન્ડમાં પાછા ફર્યા ત્યારે એમની મનઃસ્થિતિ અત્યંત દયનીય રહી હશે. આ જ કારણ હતું કે, બ્રિટનમાં પરત ફરિયાદ એ લોકોને કોઈ જાહેર સેવાની જવાબદારી સોંપવામાં આવતી ન હતી.

ધબકાર :

'કોઈ ચડિયાતું નથી, કોઈ ઊતરતું નથી અને કોઈ સમાન પણ નથી. પ્રત્યેક વ્યક્તિ અનન્ય, અજોડ છે. 'તું' જ 'તું' છે અને 'હું' 'હું' છું.'

- ઓશો